# રજનીકાંત અને કમલ હાસન દાયકાઓ પછી સાથે આવશે !

ફિલ્મ ટી.વી

રાકેશ ઠક્કર

પાંચ દાયકાની લાંબી રાહ જોયા પછી ભારતીય સિનેમાના બે સૌથી મોટા મહારથીઓ એટલે કે રજનીકાંત અને કમલ હસન એક વાર એક જ ફ્રેમમાં જોવા મળશે. આ કોઈ સામાન્ય જાહેરાત નથી પણ સિનેમાપ્રેમીઓ માટે એક ઉત્સવ સમાન સમાચાર છે. જ્યારે 46 વર્ષ પછી બંને એક ફ્રેમમાં દેખાય ત્યારે તેને ઝલક નહીં પણ ઐતિહાસિક ક્ષણ કહેવી પડે! બંનેએ તેમની કારકિર્દીની શરૂઆતમાં સાથે કામ કર્યું હતું. છેલ્લા પાંચ દાયકાથી તેઓ પોતપોતાની રીતે અલગ-અલગ ફિલ્મો દ્વારા પ્રેક્ષકોનાં દિલ જીતી રહ્યા છે. કામચલાઉ નામ ‘KH | RK’ વાળી આ ફિલ્મનું નિર્દેશન નેલ્સન દિલીપકુમાર કરી રહ્યા છે. જેમણે અગાઉ રજનીકાંત સાથે ‘જેલર’ જેવી બ્લોકબસ્ટર ફિલ્મ આપી છે. નેલ્સન તેમના સ્ટાઈલિશ કેરેક્ટર એલિવેશન અને ડાર્ક હ્યુમર માટે જાણીતા છે. ફિલ્મનું સંગીત અનિરુદ્ધ રવિચંદર આપશે. જેમના હાઈ-એનર્જી મ્યુઝિક વગર અત્યારે કોઈ પણ દક્ષિણની મોટી ફિલ્મ અધૂરી ગણાય છે. વીડિયોનું મ્યુઝિક અને એડિટિંગ તેને એકદમ રેટ્રો છતાં ‘ન્યૂ જનરેશન’ જેવી ફીલ આપે છે. તાજેતરમાં જે ટીઝર આવ્યું છે તેમાં બંને સુપરસ્ટાર્સ વચ્ચેની મીઠી હરીફાઈ જોવા મળી રહી છે. ટીઝરમાં રજનીકાંત અને કમલ હસન એકબીજાની પસંદગીની વસ્તુઓ વિશે ટિપ્પણી કરતા જોવા મળે છે. જે તેમની ઓન-સ્ક્રીન કેમિસ્ટ્રી કેટલી મજેદાર હશે તેનો સંકેત આપે છે. આ માત્ર એક ફિલ્મ નથી પણ સિનેમાના ઈતિહાસનું સૌથી મોટું જોડાણ બનવા જઈ રહ્યું છે. રેટ્રો સ્ટાઈલમાં રજૂ કરવામાં આવેલી આ જાહેરાતે સોશ્યલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે. વીડિયોના અંતમાં સવાલ પૂછવામાં આવ્યો છે કે ‘હીરો કોણ છે?’ તે આખી ફિલ્મની હાઈલાઈટ છે. કમલ હસન અને રજનીકાંત જ્યારે એકબીજાની સામે ઊભા રહીને સ્મિત આપે છે ત્યારે જવાબ સ્પષ્ટ છે કે આ ફિલ્મમાં બંને હીરો છે અને પ્રેક્ષકો માટે આ સૌથી મોટી ભેટ છે. જો કે ફિલ્મ અત્યારે પ્રારંભિક તબક્કામાં છે. તેનું શૂટિંગ શરૂ થવાનું બાકી છે પરંતુ અત્યારથી જ ચાહકોમાં તેની રજૂઆતને લઈને ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. આ બંને દિગ્ગજોને એકસાથે પડદા પર જોવા એ કોઈ સપનાથી ઓછું નથી. જ્યારે રજનીકાંત અને કમલ હસન સામસામે હશે ત્યારે થિયેટર્સ ચોક્કસપણે સ્ટેડિયમમાં ફેરવાઈ જશે!•



# પ્રિયંકા ‘એક્શન ગર્લ’ તરીકે ટાઈપકાસ્ટ થઈ રહી છે?

શું ફિલ્મ ‘ધ બ્લફ’ થી પ્રિયંકાએ સાબિત કરી દીધું છે કે તે માત્ર રોમેન્ટિક કે ડ્રામા પાત્રો જ નહીં પણ જોન વિક શૈલીના અત્યંત કઠીન એક્શન દ્રશ્યો પણ જાતે કરી શકે છે. ‘સીટાડેલ’ બાદ આ ફિલ્મ તેને હોલિવૂડમાં એક મજબૂત એક્શન હીરોઈન તરીકે સ્થાપિત કરી શકે છે. અત્યાર સુધી પ્રિયંકા હોલિવૂડની ફિલ્મોમાં સહકલાકાર તરીકે વધુ જોવા મળતી હતી પરંતુ ‘ધ બ્લફ’ સંપૂર્ણપણે તેના પર આધારિત છે. આ ફિલ્મની સફળતા તેને હોલિવૂડમાં સોલો હિટ આપવાની ક્ષમતા ધરાવતી અભિનેત્રી સાબિત કરશે. ‘ધ બ્લફ’ સંપૂર્ણપણે પ્રિયંકા ચોપરાના ખભા પર ટકેલી છે. તેના એક્શન સીન્સ, તલવારબાજી અને શારીરિક ક્ષમતાની ખૂબ પ્રશંસા કરવામાં આવી છે. ‘એવેન્જર્સ’ ના રુસો બ્રધર્સના બેનર હેઠળ બનેલી આ ફિલ્મ એમેઝોન પ્રાઈમ પર રજૂ થવાને કારણે વિશ્વભરના એવા દેશોમાં પણ તેની લોકપ્રિયતા વધશે જ્યાં ભારતીય ફિલ્મો ઓછી જોવાય છે. રુસો બ્રધર્સ સાથે સતત કામ કરવાથી પ્રિયંકાને ભવિષ્યમાં માર્વેલ (MCU) કે અન્ય મોટા હોલિવૂડ ફ્રેન્ચાઈઝી પ્રોજેક્ટમાં પ્રવેશ મળવાની શક્યતા વધી જાય છે. ફિલ્મ જોતાં એવું લાગે છે કે તે હોલિવૂડના મોટા પ્રોજેક્ટને બદલે પ્રિયંકાના ફેન્સને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલી એક મનોરંજક ફિલ્મ છે. વાર્તામાં કોઈ મોટા ટ્વિસ્ટ કે સરપ્રાઈઝ નથી. જે ગંભીર સિનેમા જોનારા દર્શકોને નિરાશ કરી શકે છે. પ્રિયંકા ચોપરાએ પોતાના અભિનય અને મહેનતથી નબળી વાર્તાને પણ અમુક અંશે જીવંત રાખવાનો પ્રયાસ કર્યો છે. જે સૌથી મોટો પ્લસ પોઈન્ટ ગણી શકાય. એકંદરે એવી ફિલ્મ છે જે એક્શનમાં ‘હિટ’ અને સ્ટોરીમાં ‘એવરેજ’ સાબિત થાય છે. જ્યારે કોઈ કલાકાર બોલિવૂડ છોડીને હોલિવૂડમાં સ્થાયી થાય છે ત્યારે ભારતીય પ્રેક્ષકો સાથેના તેના જોડાણ પર અસર પડવી સ્વાભાવિક છે. સમીક્ષકોનું માનવું છે કે પ્રિયંકા સતત આવી સરેરાશ સ્ક્રિપ્ટવાળી હોલિવૂડ ફિલ્મો પસંદ કરશે તો એક ગંભીર અભિનેત્રી તરીકેની તેની છાપને નુકસાન પહોંચી શકે છે. જો પ્રિયંકા માત્ર એક્શન ફિલ્મો જ કરતી રહેશે તો હોલિવૂડ તેને માત્ર ‘એક્શન ગર્લ’ તરીકે ટાઈપકાસ્ટ કરી શકે છે. તેના કારણે તેને ઓસ્કાર જેવા એવોર્ડ જીતી શકે તેવા મજબૂત ઈમોશનલ ડ્રામા પાત્રો મળતા બંધ થઈ શકે છે. ફિલ્મમાં વધુ પડતી હિંસા અને લોહી હોવાને કારણે પારિવારિક દર્શકોને આકર્ષી શકતી નથી. તેથી એક ચોક્કસ વર્ગ (એક્શન પ્રેમીઓ) પૂરતી મર્યાદિત રહી શકે છે. આ ફિલ્મ સીધી OTT પર આવી છે. હોલિવૂડમાં મોટું નામ બનાવવા માટે બોક્સ ઓફિસ પર હિટ ફિલ્મ હોવી જરૂરી છે. સતત OTT રિલીઝ તેને થિયેટ્રિકલ સુપરસ્ટાર બનાવવામાં અવરોધરૂપ બની શકે છે. આ ફિલ્મથી પ્રિયંકાની માર્કેટ વેલ્યુ અને સ્ટાર પાવર ચોક્કસ વધશે પરંતુ તેણે હવે પોતાની અભિનય પ્રતિભા બતાવવા માટે વધુ ઊંડાણપૂર્વકની વાર્તાઓ પસંદ કરવી પડશે.•



# પાર્ટનરને પ્રોફાઈલથી નહીં દિલથી શોધો

લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર




તમે વર્ષ ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં ઈન્ટરનેટ વાપર્યું હશે તો તમને પેલી વિખ્યાત બેનર એડ યાદ હશે: ‘પંચ ધ મંકી’ એક વાંદરો સ્ક્રીન પર અત્યંત ઝડપથી આમ-તેમ દોડતો હોય અને તમારે તમારા માઉસથી તેને ‘પંચ’ કરવાનો હતો. જો તમે તેને હિટ કરી દો તો તમે ઈનામ જીત્યા હોવાનો દાવો કરવામાં આવતો હતો. એ સમયે આ એક મનોરંજક ખેલ હતો પણ આ જૂની ગેમને આજના સમયની ‘એકલતા’ અને ‘ડેટિંગ એપ’ સંસ્કૃતિ સાથે જોડીને ભારે ડિબેટ છેડાઈ છે. આજે આપણે જે રીતે ડેટિંગ એપ્સ પર ‘પરફેક્ટ મેચ’ શોધવા માટે સતત સ્વાઈપ કરી રહ્યા છીએ, તે પેલા ઝડપથી ભાગતા વાંદરાને પકડવા જેવું જ છે. આપણે સમજીશું કે કેવી રીતે ટેકનોલોજી આપણને જોડી રહી છે કે પછી વધુ એકલા પાડી રહી છે.

‘પંચ ધ મંકી’ એ માત્ર એક એડ નહોતી પણ ઈન્ટરનેટના શરૂઆતી યુગની એક મનોવૈજ્ઞાનિક રમત હતી. તે આપણને ‘ઈન્સ્ટન્ટ ગ્રેટિફિકેશન’ (ત્વરિત સંતોષ) આપતી હતી. આને ‘લોન્લી હાર્ટ્સ’ માટેની પ્રેરણા તરીકે જોવામાં આવે છે. તે વાંદરો પકડાય કે ન પકડાય પણ તે આપણને વ્યસ્ત રાખતો હતો. આજના યુગમાં ટિન્ડર, બમ્બલ કે હિંજ જેવી એપ્સ પર પણ આપણે કંઈક આવું જ કરી રહ્યા છીએ. આપણે એક એવા આદર્શ સાથીની શોધમાં છીએ જે કદાચ પેલા વાંદરાની જેમ જ છટકી રહ્યો છે. આ ગેમ અને આધુનિક ડેટિંગ વચ્ચેનો સામાન્ય તંતુ એ છે - ‘આશા’. આવતીકાલે કંઈક સારું મળશે, આગામી સ્વાઈપ પર સાચો પ્રેમ મળશે, તે આશા જ આપણને આ ડિજિટલ રણમાં દોડાવી રહી છે.

અન્ય સ્ત્રોતો અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના અહેવાલો મુજબ, એકલતા હવે એક વૈશ્વિક સ્વાસ્થ્ય ખતરો બની ગઈ છે. WHOએ તો તેને દિવસની ૧૫ સિગારેટ પીવા જેટલું જોખમી ગણાવ્યું છે. આપણે ઈતિહાસમાં ક્યારેય નહોતા એટલા અત્યારે ‘કનેક્ટેડ’ છીએ. સોશ્યલ મીડિયા પર હજારો મિત્રો છે, વ્હોટ્સએપ પર સેંકડો ગ્રુપ્સ છે છતાં સાંજે ઘરે એકલા બેઠેલા માણસને એવું લાગે છે કે તેને સાંભળનાર કોઈ નથી.

ડેટિંગ એપ્સને એવી રીતે ડિઝાઈન કરવામાં આવી છે કે તે કોઈ સોફ્ટવેર કરતાં ‘વિડિયો ગેમ’ જેવી વધુ લાગે છે. જમણી બાજુ સ્વાઈપ કરવું એ પેલા વાંદરાને પંચ કરવા જેવું જ છે. જ્યારે ‘It’s a Match!’ લખેલું આવે છે ત્યારે મગજમાં ડોપામાઈન નામનું કેમિકલ રિલીઝ થાય છે, જે આપણને આનંદ આપે છે. મનોવિજ્ઞાની બી.એફ. સ્કિનરની થિયરી મુજબ, જો આપણને ખબર ન હોય કે ક્યારે ઈનામ મળશે તો આપણે વધુ ઉત્સાહથી પ્રયત્ન કરીએ છીએ. ડેટિંગ એપ્સ આ જ ‘અનિશ્ચિતતા’ પર ચાલે છે. ખબર નથી કે આગામી પ્રોફાઈલ કોની હશે એટલે આપણે સતત પંચ (સ્વાઈપ) કરતા રહીએ છીએ.

**ટેકનોલોજીનો ઉપયોગ માત્ર મુલાકાત માટે કરવો જોઈએ, સંબંધ બાંધવા માટે નહીં, સાચો સંબંધ આંખોમાં આંખ પરોવીને કરેલી વાતચીત અને સાથે વિતાવેલી સાચી પળોમાં જ ખીલે છે**

આ પ્રક્રિયામાં માનવીય સંવેદનાઓ ભૂંસાઈ રહી છે. કોઈની સાથે અઠવાડિયા સુધી વાત કર્યા પછી અચાનક ગાયબ થઈ જવું! આ પેલા વાંદરાના ગાયબ થવા જેવું જ છે. ડિજિટલ દુનિયામાં સામેની વ્યક્તિ એક ‘પ્રોફાઈલ’ બનીને રહી ગઈ છે, એક જીવંત માણસ નહીં. ચોઈસનો અતિરેક થઈ રહ્યો છે! જ્યારે તમારી પાસે હજારો વિકલ્પો હોય ત્યારે તમે કોઈ એક પર સ્થિર થઈ શકતા નથી. તમને હંમેશાં એવું લાગે છે કે ‘હજુ આનાથી સારું કોઈક હશે’. આ વિચાર જ આપણને કાયમી એકલતા તરફ ધકેલે છે.

હવે તો AI (આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ) પણ આ મેદાનમાં આવ્યું છે. ઘણા લોકો હવે વાસ્તવિક માણસોને બદલે AI ચેટબોટ્સ સાથે પ્રેમમાં પડી રહ્યા છે. આપણે આપણી આસપાસ એક એવું કવચ બનાવી લીધું છે, જ્યાં આપણે આપણી મરજી મુજબના સંબંધો ઈચ્છીએ છીએ પણ સાચા સંબંધોમાં તો એડજસ્ટમેન્ટ અને સંઘર્ષ હોય છે, જે ડિજિટલ વાંદરાઓ કે ચેટબોટ્સમાં હોતા નથી.

આજે ‘પંચ ધ મંકી’ કેમ એક ઈન્સ્પિરેશન છે? કારણ કે, હજારો વાર નિષ્ફળ જવા છતાં, હજારો વાર વાંદરો છટકી જવા છતાં, તે સમયે આપણે પ્રયત્ન કરવાનું છોડતા નહોતા. તે આપણને હાર ન માનવાનું શીખવતી હતી. આજના લોન્લી હાર્ટ્સ માટે પણ આ જ સંદેશ છે - ભલે ડેટિંગ એપ્સ જટિલ હોય, ભલે સંબંધો તૂટતા હોય, પણ ‘કનેક્શન’ની શોધ એ જ માનવીય હોવાની નિશાની છે. ‘પંચ ધ મંકી’ એ આપણી જિજ્ઞાસાનું પ્રતીક હતું. પ્રેમની શોધ પણ એવી જ જિજ્ઞાસા છે.

આપણે ડિજિટલ યુગમાંથી પાછા તો નથી જઈ શકવાના પણ આપણે આપણા સંબંધોને ‘ડી-ગેમિફાય’ કરી શકીએ છીએ. જેમ કે, ફોન મૂકીને અસલી દુનિયામાં લોકોને મળવું જોઈએ, ત્વરિત સંતોષને બદલે ઊંડાણપૂર્વકના સંબંધો કેળવવા જોઈએ, એ સમજવું કે કોઈ પણ માણસ ‘પરફેક્ટ પ્રોફાઈલ’ જેવો હોતો નથી. દરેક માણસમાં ક્ષતિઓ હોય છે.

‘પંચ ધ મંકી’ ગેમનો અંત ક્યારેય આવતો નહોતો. તે અનંત હતી. પ્રેમ અને માનવીય સંબંધોની શોધ પણ અનંત છે. આપણે ટેકનોલોજીના ગુલામ બનવાને બદલે તેના ‘રમતિયાળ સ્વભાવ’ને સમજવો જોઈએ. એકલતા એ આધુનિક યુગનો અભિશાપ હોઈ શકે છે પણ એ એકલતા જ આપણને બીજા માણસો તરફ દોરી જાય છે. જેમ પેલા ૨૦૦૦ના દાયકાના યુઝર્સ કલાકો સુધી એડ પર ક્લિક કરતા હતા, તેમ આજે આપણે પણ પ્રેમની આશામાં સ્ક્રીન પર આંગળીઓ ઘસી રહ્યા છીએ. અંતે તો, એ વાંદરો (પ્રેમ) પકડાય કે ન પકડાય, એ શોધવાની પ્રક્રિયા જ આપણને જીવંત રાખે છે. પ્રેમની શોધમાં ભટકતા હૃદયો માટે ‘પંચ ધ મંકી’ એ શિખામણ આપે છે કે- કદાચ આગામી ક્લિકમાં જાદુ છુપાયેલો હોય. આ આશા જ દુનિયાને ચલાવે છે.

‘પંચ ધ મંકી’ ગેમમાં જેમ વાંદરાને હિટ કર્યા પછી મળતું ઈનામ ઘણી વાર માત્ર એક આભાસી વચન હતું, તેમ આજના યુગમાં ડેટિંગ એપ્સ દ્વારા મળતા સંબંધો પણ ઘણી વાર આભાસી સાબિત થાય છે. આપણે એક એવી દુનિયામાં જીવી રહ્યા છીએ જ્યાં ‘પસંદગીનો અતિરેક’ આપણને શાંતિથી બેસવા દેતો નથી. જ્યારે તમારી પાસે હજારો પ્રોફાઈલ્સ ઉપલબ્ધ હોય ત્યારે મન સતત એવી શંકા કરે છે કે ‘હજુ આનાથી સારું કોઈક હશે’. આ વિચાર જ આધુનિક પેઢીને કાયમી અસંતોષ અને એકલતા તરફ ધકેલે છે.

ડેટિંગ એપ્સ પર ચાલતી આ રમત હવે ‘ડેટિંગ ફેટીગ’ એટલે કે માનસિક થાકમાં પરિણમી છે. દર વખતે નવી વ્યક્તિ સાથે એ જ જૂના પ્રશ્નો - ‘તમે શું કરો છો?’, ‘તમારા શોખ શું છે?’ પૂછવાથી સંબંધોમાં રહેલી તાજગી અને ઉત્સાહ મરી જાય છે. આપણે પ્રોફાઈલમાં માત્ર વ્યક્તિના જીવનના ‘હાઈલાઈટ રીલ’ જોઈએ છીએ. અસલી જીવનના સંઘર્ષો, ખામીઓ અને સાદગી એ પ્રોફાઈલના ફોટાઓમાં ક્યાંય દેખાતી નથી, પરિણામે જ્યારે વાસ્તવિક મુલાકાત થાય ત્યારે નિરાશા સાંપડે છે.

આજના યુગમાં ‘ઘોસ્ટિંગ’ એ સૌથી વધુ આઘાતજનક અનુભવ બની ગયો છે. કોઈની સાથે ગાઢ વાતચીત કર્યા પછી તેને બ્લોક કરી દેવા કે અચાનક જવાબ આપવાનું બંધ કરી દેવું એ સામેની વ્યક્તિને એક ‘વસ્તુ’ તરીકે જોવાની વૃત્તિ દર્શાવે છે.

પેલા ડિજિટલ વાંદરાની જેમ જ્યારે કોઈ વ્યક્તિ અચાનક ગાયબ થઈ જાય છે, ત્યારે પાછળ રહી ગયેલી વ્યક્તિ પોતાનામાં જ ખામીઓ શોધવા લાગે છે. આ ડિજિટલ ક્રૂરતા માનસિક સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ઊભું કરે છે. ભારતમાં જ્યાં લગ્ન એ બે પરિવારોનું મિલન મનાય છે ત્યાં ડેટિંગ એપ્સે વ્યક્તિગત સ્વતંત્રતા તો આપી છે પણ સાથે સામાજિક ગૂંચવણો પણ વધારી છે. યુવાનો એક તરફ ‘અરેન્જ્ડ મેરેજ’ની પરંપરા અને બીજી તરફ ‘ડિજિટલ ડેટિંગ’ની સ્વતંત્રતા વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.

મોટાં શહેરોમાં એકલા રહેતા યુવાનો માટે આ એપ્સ સમય પસાર કરવાનું સાધન બની ગઈ છે પણ તે સાચી આત્મીયતા પૂરી પાડી શકતી નથી.આપણે એ સમજવું પડશે કે પ્રેમ એ કોઈ વિડિયો ગેમ નથી જેને ‘પંચ’ કરીને જીતી શકાય. ટેકનોલોજીનો ઉપયોગ માત્ર મુલાકાત માટે કરવો જોઈએ, સંબંધ બાંધવા માટે નહીં.

સાચો સંબંધ આંખોમાં આંખ પરોવીને કરેલી વાતચીત અને સાથે વિતાવેલી સાચી પળોમાં જ ખીલે છે. ‘પરફેક્ટ’ સાથીની શોધ છોડીને ‘સાચા’ સાથીની શોધ કરવી જોઈએ. દરેક માણસમાં ક્ષતિઓ હોય છે, અને એ ક્ષતિઓ સાથે કોઈને સ્વીકારવા એ જ સાચો પ્રેમ છે.

‘પંચ ધ મંકી’એ આપણને સતત પ્રયત્નશીલ રહેવાની પ્રેરણા આપી હતી. આજના એકલાં હૃદયો માટે પણ એ જ સંદેશ છે કે સ્ક્રીનની બહાર પણ એક સુંદર દુનિયા છે.

ડિજિટલ દુનિયામાં સ્વાઈપ કરતા આંગળા ભલે થાકી જાય પણ હૃદયમાં રહેલી પ્રેમની આશા ક્યારેય મરવી ન જોઈએ. યાદ રાખો, જે ‘ક્લિક’ આપણને જોડે છે, તે જ ‘ક્લિક’ આપણને તોડી પણ શકે છે, એટલે જ ડિજિટલ દુનિયાના વાંદરાઓ પાછળ દોડવા કરતાં વાસ્તવિક દુનિયાના માણસોમાં રોકાણ કરવું વધુ હિતાવહ છે.•

# સુગંધને શું કામ પકડવી છે?

આંખની અટારી

★ હેમુ ભીખુ



સુગંધ એ સૂક્ષ્મ અસ્તિત્વની એક ઘટના છે. તેની અનુભૂતિ ઘ્રાણેન્દ્રિય અર્થાત નાક દ્વારા થાય છે. નાક દ્વારા અનુભવાતી બાબતને ગંધ કહેવાય, આ ગંધ જ્યારે મનભાવન હોય ત્યારે તે સુગંધ બને; જે ફુલ, ધૂપ, ચંદન, અત્તર, માટી, અગરબત્તી કે સારા ભોજનમાંથી પ્રાપ્ત થાય. સુગંધ વ્યક્તિના મનને તો પ્રફુલ્લિત કરે પરંતુ અંતરના ઊંડાણને પણ સ્પર્શી જાય. સુગંધ માત્ર ઈન્દ્રિયની અનુભૂતિનો વિષય નથી; તે માનસિક, ભાવનાત્મક, ધાર્મિક તેમજ આધ્યાત્મિક બાબત સાથે સંકળાયેલી ઘટના પણ છે. એમ કહી શકાય કે સુ-સુગંધિત ફૂલની સુગંધથી શુદ્ધતા, સૌમ્યતા, તાજગી અને કુદરત સાથેનું સામીપ્ય અનુભવાય. ચંદન અને લોબાનની સુગંધથી શાંતિ અને સંતોષની અનુભૂતિ થઈ શકે. કપૂર, ઘીનો દીવો, ધૂપ, અગરબત્તી જેવાં પદાર્થોની સુગંધ પવિત્રતા તેમજ ધાર્મિકતાના ભાવ માટે યોગ્ય ગણાય છે. મરી-મસાલા તથા કેસર જેવાં પદાર્થની સુગંધ રૂચિકર ભોજન માટે યોગ્ય ગણાય.

**સુગંધ માત્ર ઇન્દ્રિયની અનુભૂતિનો વિષય નથી; તે માનસિક, ભાવનાત્મક, ધાર્મિક તેમજ આધ્યાત્મિક બાબત સાથે સંકળાયેલી ઘટના પણ છે. એમ કહી શકાય કે સુ-સુગંધિત ફૂલની સુગંધથી શુદ્ધતા, સૌમ્યતા, તાજગી અને કુદરત સાથેનું સામીપ્ય અનુભવાય**

માનવીના વ્યક્તિત્વમાં પણ સુગંધ હોઈ શકે. સારા માનવીની સુગંધ એટલે વિનમ્રતા, સાદગી, સદભાવ, સકારાત્મકતા, કરુણા, નૈતિકતા જેવાં ગુણધર્મોની હાજરી. વ્યક્તિનાં વિચાર-વાણી-વર્તનમાં આ સુગંધ વ્યક્ત થાય. જો માનવીની સુગંધ આધ્યાત્મિક હોય તો તેની શ્રદ્ધા, સૃષ્ટિના સંચાલક માટે તેનો વિશ્વાસ, પવિત્રતા, સત્યનિષ્ઠા, ભક્તિ, સમર્પણ, ધર્માચરણ જેવાં ગુણધર્મોનું પ્રભુત્વ રહે. સંબંધ જો સુગંધિત હોય તો તેમાં પ્રેમ, વિશ્વાસ, સન્માન, કાળજી, વફાદારી તથા સંપૂર્ણ સ્વીકૃતિ જેવી બાબતો વણાયેલી રહે. અત્તર વગર પણ આ રીતે માનવી સુગંધિત રહી શકે. પ્રતિકાત્મક રીતે એ સમજવું જરૂરી છે કે શબ્દોની પણ સુગંધ હોય અને મૌનની પણ સુગંધ હોય; ક્યારેક શબ્દો શાતાની અનુભૂતિ કરાવે તો ક્યારેય મૌનથી પણ તેવી જ અનુભૂતિ થઈ શકે.

પંચતત્વમાંથી એક પૃથ્વીને સુ-ગંધ ધારક કહેવાય છે. પૃથ્વીનો ગુણધર્મ ગંધ ધારણ કરવાનો છે. ગીતામાં પણ કહેવાયું છે કે ‘પુણ્યો ગન્ધઃ પૃથિવ્યાં ચ’ અર્થાત્ પૃથ્વીમાં રહેલી પવિત્ર સુગંધ હું છું. જેમ સત્યની જીવાય પરંતુ પકડાઈ નહીં, તેમ સુગંધને અનુભવાય, તેનાં પર કબજો ન મેળવી શકાય. શાસ્ત્રોમાં પ્રતિકાત્મક રીતે એમ જણાવ્યું છે જેમ ફૂલમાં સુગંધ હાજર હોવા છતાં દેખાતી નથી, તેમ બ્રહ્મ સર્વમાં હાજર છે તે છતાં પરંતુ પકડાતું નથી. આ સુગંધ એટલે પ્રેમ, ભક્તિ આધ્યાત્મિકતા શ્રદ્ધા તેમજ સમર્પણ. આસક્તિ દુર્ગંધ છે અને વૈરાગ્ય સુગંધ. સંલગ્નતા દુર્ગંધ છે અને અલિપ્તતા સુગંધ. આળસ દુર્ગંધ છે અને કર્તવ્ય-નિષ્ઠા સુગંધ. અહંકાર દુર્ગંધ છે અને સાક્ષીભાવ સુગંધ. ક્રોધ દુર્ગંધ છે અને શાંતિ સુગંધ. અજ્ઞાન દુર્ગંધ છે તો જ્ઞાન સુગંધ. હિંસા દુર્ગંધ છે અને કરુણા સુગંધ. વાસનાને પ્રેરણા આપતા પુસ્તકો-માધ્યમ દુર્ગંધ છે તો શાસ્ત્રો સુગંધ. પરતંત્રતા દુર્ગંધ છે અને સ્વતંત્રતા સુગંધ. અસત્ય દુર્ગંધ છે અને સત્ય સુગંધ. શરીર દુર્ગંધ છે તો આત્મા સુગંધ. ઉપનિષદમાં પણ કહેવાયું છે કે આત્મા સુગંધ સમાન છે; તે અનુભૂતિની બાબત છે, જ્ઞાનની નહીં.

સુગંધની ઓળખ જીવનના પ્રારંભિક તબક્કાથી જ થતી જાય છે. નાનપણથી જ બાળક માતાની સુગંધને ઓળખતો હોય છે. સુગંધ મનને શાંત, પ્રસન્ન, સ્ફૂર્તિમય, સકારાત્મક તેમજ ભાવવિભોર બનાવી શકે. સુગંધ ભૂખ વધારવામાં, ઊંઘ લાવવામાં, ભાવનાઓ જાગ્રત કરવામાં, તણાવ ઘટાડવામાં, પ્રેમની અભિવ્યક્તિમાં, વ્યક્તિત્વના નિખારમાં તથા ક્યારેક આરોગ્ય માટે પણ મદદરૂપ થતી હોય છે. કેટલીક સુગંધ ચિત્તમાં સ્મૃતિ તરીકે સંગ્રહાયેલી હોય છે. એમ કહેવાય છે કે દેવતાઓનું અસ્તિત્વ સુક્ષ્મ હોવાથી તેમનો ખોરાક સૂક્ષ્મ રહે. આ તર્કને આધારે દેવતાઓને પ્રસન્ન કરવા માટે પણ સુગંધનો ઉપયોગ થતો હોય છે. ધૂપ-દીપની સુગંધથી વાતાવરણ શુદ્ધ, પવિત્ર, ધાર્મિક અને સાત્વિક પ્રત્યેક થાય. એમ પણ માનવામાં આવે છે કે સુગંધિત દ્રવ્ય દ્વારા સૂક્ષ્મ ઊર્જાને પણ આકર્ષી શકાય. કેટલીક વાર ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત કરવા માટે પણ સુગંધનો ઉપયોગ થતો હોય છે.



સુગંધ અને પામવાની હોય પકડવાની ન હોય. જેમ પ્રકાશને કેદ ન કરી શકાય તેમ સુગંધ પણ કેદ ન થઈ શકે. જેમ દીવાને પકડવાથી પ્રકાશ નથી પકડાઈ જતો તેમ અત્તરની શીશી પકડવાથી સુગંધ પકડાઈ છે તેમ ન કહી શકાય. કોઈ એમ કહી શકે કે અત્તરની શીશીમાં સુગંધ કેદ થઈ છે પરંતુ કેદ થનાર અત્તર હોય છે, સુગંધ નહીં. પ્રેમીને કેદ કરી શકાય, પ્રેમને નહીં. ભક્તને બંધક બનાવી શકાય, ભક્તિને નહીં. માનવીને બંધનમાં જકડી શકાય, તેનાં વિચારો અને શ્રદ્ધાને નહીં. એકવાર સમર્થને પરાસ્ત કરી શકાય, સામર્થ્યને નહીં. ક્યારેક સત્યવાદી મુશ્કેલીમાં મુકાઈ શકે, સત્ય નહીં. એમ પણ કહી શકાય કે સુગંધ એ સૂક્ષ્મ સ્વરૂપનું ભાવાત્મક અસ્તિત્વ છે. આમ પણ કોઈ પણ સૂક્ષ્મ અસ્તિત્વને બંધનગ્રસ્ત ન કરી શકાય. અત્તર એ સુગંધ નથી, અત્તર સુગંધનું માલિક પણ નથી. જો અત્તર સુગંધનું માલિક ન હોય તો માનવી પણ સુગંધનો માલિક ન બની શકે. સુગંધ પર કોઈની માલિકી ન હોય તે તો સર્વત્ર સરળતાથી પ્રસરે, પવનની દિશા તથા તેની માત્રા આ પ્રસારને નિર્ધારિત કરે. સુગંધને શરીર નથી, આકાર નથી, કદ નથી, કદાચ વજન પણ નથી. છતાં પણ સુગંધ અસ્તિત્વમાં ધરાવતી વાસ્તવિકતા છે.•